# ગુજરાતની ૨૬ બેઠકો પરના ભાજપના વિજયી ઉમેદવારો



# ગુજરાતમાં કોંગ્રેસના સુપડા સાફ

## સતત બીજી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૨૬ સીટોનો રેકોર્ડ : નરેન્દ્ર મોદીની સુનામીની વચ્ચે કોંગ્રેસના દિગ્ગજોના સૂપડા સાફ થયા : સમ ખાવા પૂરતીય એકપણ બેઠક નહી મળી : ભાજપના તમામ ઉમેદવારો જીત્યા

ગાંધીનગર,તા.૨૩
લોકસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુનામી વચ્ચે દેશભરમાં ઘણા એવા રાજયો હતા કે, જયાં કોંગ્રેસ પોતાનું ખાતુ પણ ખોલી શકી ન હતી. ગુજરાતમાં પણ ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી જેમ આ વખતે પણ તમામ ૨૬ બેઠકો ફરી એકવાર કબ્જે કરી નવો રેકોર્ડ સર્જયો હતો. મોદી સુનામી વચ્ચે કોંગ્રેસના દિગ્ગજોના સૂપડા સાફ થઈ ગયા હતા.

સમગ્ર ગુજરાત સહિત દેશભરમાં ભાજપના વિજયોત્સવ અને જીતના જશ્નનો માહોલ છવાયો હતો પરંતુ ગુજરાતમાં ભાજપ દ્વારા તેની ધમાકેદાર અને જોરદાર ઉજવણી કરવામાં આવી હતી કારણ કે, મોદી અને અમિત શાહ બંને મૂળ ગુજરાતના છે અને ભાજપના આ બંને નેતાઓએ ફરી એકવાર તેમની રાજકીય તાકાત પુરવાર કરી બતાવી હતી. ગુજરાતમાં ભાજપે ફરી એકવાર કલીન સ્વીપ કરી તમામ ૨૬ બેઠકો જીતી લેતાં કોંગ્રેસની છાવણીમાં તો સન્નાટો અને આઘાતની લાગણી છવાયા હતા. કોંગ્રેસને સમ ખાવા પૂરતીય એક બેઠક મળી શકી ન હતી. કોંગ્રેસના ભરતસિંહ સોલંકી, પરેશ ધાનાણી, લલિત વસોયા, સી.જે.ચાવડા, તુષાર ચૌધરી, બાબુ કટારા, પરથી ભટોળ સહિતના અનેક દિગ્ગજો મોદી સુનામીના કારણે કારમી હાર પામી પછડાયા હતા.

ગુજરાત લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણી માટે કુલ ૩૭૧ ઉમેદવારો મેદાનમાં હતા અને ગુજરાતની જનતાએ ૬૪ ટકા જેટલું ઉંચુ મતદાન કરીને રાજયનો બાવન વર્ષ જૂનો મતદાનની ટકાવારીનો રેકોર્ડ તોડયો હતો. આજે વહેલી સવારે આઠ વાગ્યાથી અમદાવાદ સહિત રાજયભરમાં ભારે ઉત્તેજના અને ઉત્સુકતાભર્યા વાતાવરણ વચ્ચે મતગણતરીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કેથી જ મોટાભાગની બેઠકો પર ભાજપના ઉમેદવારો સતત આગળ હતા..કોંગ્રેસ કયાંક કયાંક થોડા રાઉન્ડ સુધી ટક્કર આપતી જોવા મળી હતી પરંતુ બપોર સુધીમાં તો, સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ હતી અને ભાજપના ઉમેદવારોની જીત વચ્ચે કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા અને ભાજપે ફરી એકવાર ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો કબ્જે કરી ભગવો અને કમળ લહેરાવી દીધા હતા. તો, ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોની ચૂંટણીની સાથે સાથે વિધાનસભાની ચાર બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી અને તેની પણ આજે મતગણતરી હતી, તો વિધાનસભા પેટા ચૂંટણીમાં પણ કોંગ્રસનો સફાયો થઈ ગયો હતો.

ભાજપે તેના ૨૬ સાંસદમાંથી ૧૦ની ટિકિટ કાપી હતી અને ૧૬ ને રિપીટ કર્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસે આઠ વર્તમાન ધારાસભ્યોને લોકસભાની ટિકિટ આપી હતી. જ્યારે ભાજપે મંત્રી પરબત પટેલ સહિત ચાર ધારાસભ્યોને ટિકિટ આપી હતી. આ લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપે ૨૫ ટકા મહિલાને તો કોંગ્રેસે માત્ર એક મહિલાને ટિકિટ આપી હતી. ભાજપે ૨૬ બેઠકોમાંથી ૩૩ ટકાને બદલે માત્ર ૨૫ ટકા એટલે કે ૬ મહિલાઓને ટિકિટ આપી હતી. જેમાં ભારતીબેન શિયાળ (ભાવનગર), પૂનમ માડમ (જામનગર), રંજનબેન ભટ્ટ (વડોદરા), દર્શના જરદોશ (સુરત), ગીતાબેન રાઠવા(છોટા ઉદેપુર) અને શારદાબેન પટેલ( મહેસાણા) તો બીજી બાજુ કોંગ્રેસે સમ ખાવા પુરતી માત્ર એક મહિલા ગીતા પટેલ(અમદાવાદ પૂર્વ)ને ટિકિટ આપી તેનો સમાવેશ થતો હતો. તો, લોકસભા ચૂંટણીની સાથે સાથે માણાવદર, જામનગર ગ્રામ્ય, ધ્રાંગધ્રા અને ઉંઝા વિધાનસભાની યોજાયેલી પેટાચૂંટણીની પણ મતગણતરી હાથ ધરાઈ હતી. આ ચાર વિધાનસભા બેઠકો પર ભાજપે બે પાટીદાર, એક આહિર અને એક કોળીને તથા કોંગ્રેસે ચાર પાટીદારને ટિકિટ આપી હતી. જેમાં ભાજપે કોંગ્રેસમાંથી આવેલા કેબિનેટ મંત્રી જવાહર ચાવડા, રાઘવજી પટેલ, આશા પટેલ અને પરસોત્તમ સાબરિયાને ટિકિટ આપી છે. જ્યારે જામનગર ગ્રામ્ય બેઠક પરથી વલ્લભ ધારવિયાની ટિકિટ કાપી હતી. વિધાનસભા પેટાચૂંટણીના પરિણામોમાં પણ ભાજપનો જ ભગવો લહેરાય તેવી સ્થિતિ બની છે. આમ, ગુજરાતની જનતાએ આ ચૂંટણીમાં રેકોર્ડબ્રેક ૬૪ ટકા જેટલું ઉંચુ મતદાન કરી ફરી એકવાર દેશનું શાસન ભાજપ અને મોદીના હાથમાં સોંપવાનો જનાદેશ આપ્યો અને ઈતિહાસ રચ્યો છે.

# દક્ષિણ ગુજરાતમાં ભાજપનું મોજુ ફરી વળ્યું

ગાંધીનગર,તા. ૨૩
દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, બારડોલી અને વલસાડ લોકસભા બેઠક પર બેલેટ પેપરની ગણતરી શરૂ થઈ હતી, ત્યારબાદ ઈવીએમની ગણતરી હાથ ધરાઈ હતી. ગુજરાતના અન્ય ક્ષેત્રોની જેમ દક્ષિણ ગુજરાતમાં પણ ભાજપનું પ્રચંડ મોજુ ફરી વળ્યુ હતું, જેમાં કોંગ્રેસ હારની પછડાટમાં ઘમરોળાઈ ગયુ હતું. દક્ષિણ ગુજરાતમાં નવસારી બેઠક પર ભાજપના ઉમેદવાર સી.આર. પાટીલ, વલસાડની બેઠક પર કે.સી. પટેલ, સુરત બેઠક પર ભાજપના દર્શના જરદોશ અને બારડોલીમાં ભાજપના પ્રભુ વસાવા એમ તમામ ઉમેદવારો ખૂબ સારી એવી લીડથી જીત્યા હતા. દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, બારડોલી અને વલસાડ લોકસભા બેઠકની ગણતરી બપોર સુધીમાં પૂર્ણ થતાં પરિણામ સ્પષ્ટ થઈ ગયુ હતું. ત્યારબાદ વીવીપેટ અને ઈવીએમની સરખામણી કરાઈ હતી અને સાંજે મતગણતરી પૂર્ણ થયા બાદ પરિણામોનું અંતિમ ચિત્ર જાહેર કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વલસાડ બેઠક પર યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સતત બીજી ટર્મમાં મતદાનની ટકાવારીનો નવો રેકોર્ડ નોંધાયો છે. જે વર્ષ ૧૯૫૬થી કુલ ૧૬ ચૂંટણીમાં સર્વાધિક રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં મતદાનની ટકાવારી ૫૬.૧૧ હતી, જે વર્ષ ૨૦૧૪માં ૭૩.૯૯ થઈ હતી. જ્યારે આ ચૂંટણીમાં તે વધીને ૭૫.૨૧ ટકા પર પહોંચતા એક નવો રેકોર્ડ સ્થાપિત થયો હતો. એકઝીટ પોલ બાદ ભાજપ ગેલમાં હતું, તો કોંગ્રેસ પરિણામોની રાહ જોવા માટે કહેતું જોવા મળ્યું હતું ત્યારે આજે યોજાઈ રહેલી



મતગણતરીને લઈ સૌ કોઈ પરિણામની રાહ જોતા ભારે આતુર અને ઉત્સુક જોવા મળ્યા હતા. દક્ષિણ ગુજરાતની બેઠકોની વાત કરીએ સુરત, નવસારી અને બારડોલીમાં ભાજપનો દબદબો જોવા મળ્યો હતો તો, જ્યારે વલસાડમાં ખરાખરીનો જંગ જામ્યો હતો. વલસાડ લોકસભા બેઠકની ચૂંટણીમાં સતત બીજી ટર્મમાં મતદાનની ટકાવારીનો નવો રેકોર્ડ નોંધાયો છે. જે વર્ષ ૧૯૫૬થી કુલ ૧૬ ચૂંટણીમાં સર્વાધિક રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં મતદાનની ટકાવારી ૫૬.૧૧ હતી, જે વર્ષ ૨૦૧૪માં ૭૩.૯૯ થઈ હતી. જ્યારે આ ચૂંટણીમાં તે વધીને ૭૫.૨૧ ટકા પર પહોંચતા એક નવો રેકોર્ડ સ્થાપિત થયો હતો. વલસાડ-ડાંગ તેમજ વાંસદાના મતદારોએ મતદાનમાં સતત ઉત્સાહ વધાર્યો હતો અને આટલી ઊંચી માત્રામાં નોંધાયેલા મતદાને ઉમેદવારો અને રાજકીય તજજ્ઞોને વિચારતા કરી દીધા હતા. લોકસભાની ચૂંટણીના ઉમેદવારો જાહેર થયા બાદ ગુજરાતની કેટલીક બેઠકો પર કાંટે કી ટક્કર રહેશે તેમ લાગતું હતું. આ બેઠકોમાં વલસાડ લોકસભા બેઠકનો પણ સમાવેશ થતો હતો.

# ઉત્તર ગુજરાતમાં ભાજપનો ભગવો : કોંગ્રેસનો સફાયો

ગાંધીનગર, તા.૨૩
ઉત્તર ગુજરાતની ચાર બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જણાતો હતો પરંતુ એકઝીટ પોલમાં ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાવવાનો વર્તારો અપાયો હતો તે મુજબ, ઉત્તર ગુજરાતમાં અપેક્ષા મુજબ, ભાજપનો ભગવો લહેરાયો હતો અને કોંગ્રેસનો સફાયો થયો હતો. ઉત્તર ગુજરાતની એક પણ બેઠક પર કોંગ્રેસની લાજ બચાવે તેવું કંઈ ઉકાળ્યુ નહી એક્ઝિટ



પોલ અનુસાર ભાજપના ઉમેદવારો આગળ છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા અને પાટણ બેઠક પર દૂધ સાગર ડેરીએ તેના સભાસદો અને પશુપાલકોને ભાજપને મત નહીં આપવા કહીને રીતસરના રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. પરંતુ, મતદારોએ વોટ કોને આપ્યા હતા એ ઈવીએમની ચકાસણી થતાં જ સામે આવ્યું હતું. ઉત્તર ગુજરાતની ચારેય બેઠકોનું પરિણામ ચોંકાવનારું આવી શકે છે તેવી લોકો ચર્ચા થતી હતી પરંતુ પરિણામ એક તરફી ભાજપ તરફી જ આવ્યું હતું. મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠાની લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવારો અનુક્રમે શારદાબહેન પટેલ, ભરતસિંહ ડાભી, પરબત પટેલ અને દિપસિંહ રાઠોડ વિજયી જાહેર થયા હતા.

પૂર્વ ઉદ્યોગમંત્રી સ્વ. અનિલ પટેલના ધર્મપત્ની અને ભાજપના ઉમેદવાર શારદાબેન પટેલ કોંગ્રેસના એ.જે.પટેલથી આગળ ચાલતા હતા. ભાજપ અને કોગ્રેસે અહી પાટીદાર ઉમેદવારને ઉતાર્યા હતા. કડવા પાટીદારનું સમાજકારણ બંને ઉમેદવારોનું ભાવી નક્કી કરી રહ્યા હતા. એક તબક્કે દૂધસાગર ડેરીની અપીલે ભાજપ માટે અહી ખતરાની ઘંટડી વગાડી હતી પરંતુ વિધાનસભાના પરિણામો જેવું જ પરિણામ જોવા મળ્યુ હતું અને ભાજપના શારદાબહેન પટેલ ચૂંટાયેલા જાહેર થયા હતા.

## રાજ્યમાં કઈ બેઠક પર કોને કેટલા મત મળ્યા અને કેટલી સરસાઈ


| | | ભાજપ | કોંગ્રેસ | લીડ |
|---|---|---|---|---|
| ૧. | નવસારી | ૯,૪૭,૫૭૨ | ૨,૭૦,૨૮૫ | ૬,૭૭,૨૮૭ |
| ૨. | અમદાવાદ (પૂ) | ૬,૭૦,૦૪૪ | ૨,૯૪,૫૬૦ | ૩,૭૫,૪૮૪ |
| ૩. | અમદાવાદ (પ) | ૬,૧૮,૭૫૮ | ૩,૧૦,૭૬૧ | ૩,૦૭,૯૯૭ |
| ૪. | અમરેલી | ૫,૨૩,૩૧૪ | ૩,૨૪,૦૨૨ | ૧,૯૯,૨૯૨ |
| ૫. | આણંદ | ૬,૨૯,૯૩૭ | ૪,૩૨,૧૦૦ | ૧,૯૭,૮૩૭ |
| ૬. | બનાસકાંઠા | ૬,૬૯,૭૧૬ | ૩,૦૬,૯૩૦ | ૩,૬૨,૭૮૬ |
| ૭. | બારડોલી | ૭,૪૦,૪૪૮ | ૫,૨૪,૪૭૪ | ૨,૧૫,૯૭૪ |
| ૮. | ભરૂચ | ૬,૩૪,૦૮૫ | ૩,૦૨,૫૭૯ | ૩,૩૧,૫૦૬ |
| ૯. | ભાવનગર | ૬,૫૪,૫૮૧ | ૩,૨૮,૫૫૦ | ૩,૨૬,૦૩૧ |
| ૧૦. | છોટા ઉદેપુર | ૭,૬૦,૬૦૬ | ૩,૮૩,૯૯૯ | ૩,૭૬,૬૦૭ |
| ૧૧. | દાહોદ | ૫,૪૦,૮૪૪ | ૪,૧૫,૦૬૧ | ૧,૨૫,૭૮૩ |
| ૧૨. | ગાંધીનગર | ૮,૮૯,૯૨૫ | ૩,૩૪,૦૮૨ | ૫,૫૫,૮૪૩ |
| ૧૩. | જામનગર | ૫,૮૫,૯૨૩ | ૩,૫૨,૧૭૩ | ૨,૩૩,૭૫૦ |
| ૧૪. | જૂનાગઢ | ૫,૪૩,૬૩૭ | ૩,૯૪,૯૦૭ | ૧,૪૮,૭૩૦ |
| ૧૫. | કચ્છ | ૬,૨૭,૬૩૪ | ૩,૨૭,૦૬૩ | ૩,૦૦,૫૭૧ |
| ૧૬. | ખેડા | ૬,૫૭,૬૬૮ | ૩,૨૧,૬૫૫ | ૩,૩૬,૦૧૩ |
| ૧૭. | મહેસાણા | ૫,૦૯,૬૯૦ | ૨,૮૯,૫૦૩ | ૨,૨૦,૧૮૭ |
| ૧૮. | પંચમહાલ | ૫,૧૫,૩૮૬ | ૨,૧૯,૩૦૬ | ૨,૯૬,૦૮૦ |
| ૧૯. | પાટણ | ૬,૨૬,૬૮૯ | ૪,૩૫,૫૩૯ | ૧,૯૧,૧૫૦ |
| ૨૦. | પોરબંદર | ૫,૫૭,૨૮૨ | ૩,૩૦,૧૯૦ | ૨,૨૭,૦૯૨ |
| ૨૧. | રાજકોટ | ૭,૫૫,૨૯૬ | ૩,૮૮,૪૦૫ | ૩,૬૬,૮૯૧ |
| ૨૨. | સાબરકાંઠા | ૬,૯૫,૪૮૯ | ૪,૨૮,૦૬૫ | ૨,૬૭,૪૨૪ |
| ૨૩. | સુરત | ૭,૯૪,૧૩૩ | ૨,૪૬,૯૭૮ | ૫,૪૭,૧૫૫ |
| ૨૪. | વડોદરા | ૮,૫૮,૮૬૨ | ૨,૮૨,૯૭૨ | ૫,૭૫,૮૯૦ |
| ૨૫. | વલસાડ | ૭,૫૦,૦૩૨ | ૪,૦૭,૫૦૩ | ૩,૪૨,૫૪૯ |
| ૨૬. | સુરેન્દ્રનગર | ૫,૪૯,૦૩૦ | ૩,૦૧,૬૪૪ | ૨,૫૭,૩૮૬ |

# સૌરાષ્ટ્રમાં પણ ભાજપનું બુલડોઝર ફરી વળ્યુ

ગાંધીનગર,તા. ૨૩
સૌરાષ્ટ્રની તમામ સાત બેઠકો પર પણ ભાજપનું બુલડોઝર જાણે ફરી વળ્યું હતું અને તેમાં કોંગ્રેસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સૌરાષ્ટ્ર પંથકની રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર અને અમરેલીની બેઠકો પર ભાજપના કમળે કમળના પંજાને આંચકાજનક અને અણધારી મ્હાત આપી હતી. સૌરાષ્ટ્રની લોકસભા બેઠકોની મતગણતરી દરમ્યાન આજે ભારે રસાકસી અને ઉત્તેજનાના દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કે, છેવટે તો ભાજપની છાવણીમાં વિજયોત્સવ અને કોંગ્રેસમાં હતાશા અને નિરાશા છવાયા હતા. જૂનાગઢમાં સવારથી સર્વર ડાઉન હોવાથી ખુબ જ ધીમી ગતિએ મતગણતરી ચાલી રહી હતી. રાજકોટમાં વોર્ડ નંબર-૭માં ઈવીએમ બદલાયા હોવાનો કોંગ્રેસના રણજિત મૂંધવાએ આક્ષેપ કર્યો હતો અને કોંગ્રેસ દ્વારા મતગણતરી અટકાવવાનો પ્રયાસ કરાયો હતો.

જો કે, ચૂંટણી અધિકારીઓએ મામલો થાળે પાડયો હતો. જો કે, મતગણતરીના અંતે સૌરાષ્ટ્રની મહત્વની અને પ્રતિષ્ઠાભરી બેઠકો પર પણ ફરી ભાજપનો ભગવો લહેરાયો હતો. જેમાં રાજકોટમાં મોહન કુંડારિયા, જામનગરમાં પૂનમ માડમ, પોરબંદરમાં રમેશ ધડુક, જૂનાગઢમાં રાજેશ ચૂડાસમા, ભાવનગરમાં ભારતીબેન શિયાળ, સુરેન્દ્રનગરમાં મહેન્દ્ર મુંજપરા અને અમરેલીમાં ભાજપના નારણ કાછડિયા એ ભાજપના તમામ ઉમેદવારો જીતી ગયા હતા. કોંગ્રેસના પરેશ ધાનાણી સહિતના દિગ્ગજોએ આંચકાજનક હાર ખાધી હતી.

150 YEARS OF CELEBRATING THE MAHATMA
Gujarat Tourism
દાંડી પથ
શૈક્ષણિક પ્રવાસ માટે આદર્શ પસંદગી
દાંડી કૂચની ઝલક દર્શાવતા રસપ્રદ પ્રદર્શન
વિશિષ્ટ દિવસોએ વિવિધ પ્રવૃતિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો
• રહેવા-જમવાની સાથે ઉત્તમ પ્રવાસન સુવિધા
• દાંડી કૂચની સ્મૃતિ અને ગુજરાતી લોકજીવન - સંસ્કૃતિના મહેમાન થવાનો અવસર એટલે...



દાંડી પથ યાત્રી નિવાસ
દાંડી પથ પર આપની સુવિધાયુક્ત યાત્રા માટે સંપર્ક કરો
ટોલ ફ્રી નંબર
૧૮૦૦ ૨૩૩ ૧૯૬૮
info@dandipath.in | www.dandipath.in
dandipath/